# ગાંધીનગરની સહિયરો છાણાં-ઈંધણા વીણવામાંથી આઝાદ

ગાંધીનગરને આપણે જ્યારે આંકડાઓની દૃષ્ટિએ સમજતા હોઈએ ત્યારે એ પણ જરૂરી છે કે રાજ્યના આંકડાઓની સાથે પણ મુલવણી કરવી જોઈએ. રાજ્યના જે તે ક્ષેત્રના આંકડાઓ સાથે પાટનગર તરીકેની ગાંધીનગરની સરખામણી આ આંકડાઓ સાથે ચકાસીને ગાંધીનગરના વાસ્તવિક વિકાસની સાથે જે ક્ષેત્રમાં પાછળ હોઈએ તેની માહિતી પણ આપણે મેળવી શકીએ. આ સંદર્ભે આજના લેખમાં ગાંધીનગર અને ગુજરાતની સરખામણી રસોઈઘરમાં વપરાતા ઈંધણ અંગે જોઈશું.

ગુજરાતની એક ઓળખ ગરબાની સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. નવરાત્રિ દરમિયાન એકપણ ગરબા મંડળ એ શેરી ગરબા હોય કે પાર્ટી પ્લોટના ખેલૈયા 'ઈંધણા વીણવા ગઈ તી મોરી સહિયર'ના




**ગેસ સવલતે મહિલાઓને ધુમાડાથી મુક્તિ પણ અપાવી**

તાલે ગરબા ગાયા વગરના રહ્યા ન હોય. આપણી સંસ્કૃતિ સાહિત્યએ સમાજજીવનનો પડઘો હોય છે. લોકજીવનનો જે ધબકાર હોય એને સાહિત્ય ઝીલતું હોય છે. એમ એક સમયે ગુજરાતની નારીઓને ઘરની રસોઈ માટે બળતણ- 'ઈંધણા' વીણવા જવુ પડતું હતું. એ સ્થિતિ આજે છે ખરી ? એ જો આપણે સેન્સસના આંકડાઓના આધારે જોઈએ તો માહિતી મળે છે કે ગુજરાતની દર દસ મહિલાઓએ માત્ર ચાર મહિલાઓને જ ઈંધણા વીણવા જવું પડતુ હશે અને આ પણ એક ધારણ જ કરી શકાય. કારણ કે ગુજરાતના કુલ ઘર-પરિવારો પૈકી માત્ર ૪૪ ટકા ઘરો રસોઈ કામના બળતણમાં જલાઉ લાકડા-ઈંધળા વપરાશમાં લે છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની મહિલાઓ તો ઈંધણા વીણવા ઓછી જાય છે કારણ કે ગાંધીનગરના ઘર પરિવારોમાં જલાઉ લાકડાંનો ઉપયોગ ગુજરાત કરતા ત્રણ ટકા જેટલો ઓછો એટલે કે એકતાળીસ ટકા જેટલો જ છે.

સેન્સસ સર્વેના આંકડાઓમાં ઘરની રસોઈ બાબતે વપરાતા લાકડાની બાબતમાં ગાંધીનગર અને ગુજરાતની ટકાવારી જુદી છે પરંતુ જો ખેત ઉત્પાદન પછી બિન ઉપયોગી ખેત અવશેષોને રસોઈમાં વાપરવામાં આવે છે કે કેમ ? - એની વિગતો જોઈએ તો ગુજરાત અને ગાંધીનગર એ બળતણ વપરાશમાં એક સરખા છે. બન્ને ફસલ અવશેષ વપરાશ છ-છ ટકા કરે છે. પરંતુ રસોડાના બળતણ તરીકે અન્યની વિગતો જોઈએ તો જાણવા મળે છે કે ગુજરાતમાં કુલ ત્રણ ટકા પરિવારો બળતણ તરીકે છાણાંનો ઉપયોગ કરે છે પરંતુ ગાંધીનગરમાં છાણાંનો વપરાશ માંડ પોણો ટકાથી ય ઓછા પરિવારો કરે છે. એવી જ રીતે કેરોશીનનો વપરાશ જોઈએ તો સમગ્ર ગુજરાતના પરિવારોમાં ૮ ટકા પરિવારો રસોઈ કેરોશીનના સહારે બનાવે છે જ્યારે ગાંધીનગરમાં ૪.૫ ટકા અને ૦.૧૩ ટકા જ છે અને વીજળી ઉપકરણના સહારે રસોઈ તૈયાર કરતા પરિવારો ગુજરાતમાં ૦.૦૨ ટકા અને ગાંધીનગરમાં ૦.૨૩ ટકા જ છે.

ગાંધીનગર અને ગુજરાતનું લોકજીવન એક સમયે મહિલાઓને ઈંધણા વીણવા પડતા અને છાંણા થાપવા પડતા હતા એમ સાહિત્યીક દસ્તાવેજો ભલે દર્શાવી ચૂક્યા હોય પરંતુ આજે આ પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યુ છે. એમ સેન્સસ દસ્તાવેજ દર્શાવે છે, આ સામાજિક

● અનુસંધાન પાન-૭ પર

# ભૂગર્ભજળની કથળતી સ્થિતિને પગલે આગામી સત્ર નવો કાયદો બનાવાશે

**વર્તમાન કાયદામાં સુધારા કરવા માટે શ્રેણીબદ્ધ બેઠકો અને સૂચનો માંગ્યા**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સરકાર ભૂગર્ભ જળ અંગેનો જે કાયદો છે તેમાં સુધારો કરવા જઈ રહેલ છે અને આ માટે તેણે કેટલાક નિષ્ણાતો તેમજ અધિકારીઓ પાસેથી સૂચનો પણ માંગ્યા છે.

રાજ્ય સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભૂગર્ભ જળ અંગેના કાયદામાં સુધારા કરતુ વિધયેક તે આગામી સત્રમાં જ લાવવા ઈચ્છુક નહિ પણ આગ્રહી છે.

જિલ્લાઓમાં ભૂગર્ભ જળના સ્તર જે રીતે નીચે જઈ રહ્યા છે તને લઈ આ સુધારા વિધયેક લાવવા માટે ચિંતીત સરકાર હવે આગ્રહી બની છે. સરકારના જળસંપતિ મંત્રાલયને આ માટે કેન્દ્ર સરકારે પણ આગ્રહ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

સરકારી દ્વારા આ માટે ખાનગીમાં કેટલાક જળનિષ્ણાતો સાથે બેઠક કરી હતી અને તેમના સૂચનો પણ મેળવ્યા હતા. રાજ્ય સરકારે આ એક્ટમાં ૨૦૧૬માં છેલ્લે સુધારા કર્યા હતા.

ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લઈ માનવ શરીરના આરોગ્યને લઈ ભયસ્થાન ઉભા થયા છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં જે રણ ઝડપથી આગળ વધી રહ્યુ છે અને વોટર લોગીંગની જે સમસ્યા ઉભી થઈ છે તેનાથી સરકાર અંતિત ચિંતા અનુભવી રહી છે.

લોકોને સ્વચ્છ પેયજળ આપવા માટે મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવો આગ્રહ ભારત સરકારે પણ કર્યો છે. ભારત સરકારે તો સુધારા વિધેયક પણ તૈયાર કરી દીધુ છે અને તેને જ આધાર બનાવી ગુજરાત સરકાર પણ આવુ જ વિધયેક આગામી સત્રમાં લઈ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આકાશમાં બીજા દિવસે પણ વાદળોની લુપાછુપી વચ્ચે વરસાદી છાંટણા થયા

**ગરમીનો પારો ૪ ડીગ્રી ઉંચો આવ્યો : વાદળિયા વાતાવરણ વચ્ચે તડકી છાયડીના માહોલમાં નગરજનોએ આકરો બફારો અનુભવ્યો**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજા દિવસે વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો હતો.




શહેરમાં આજે સવારથી જ આકાશ વાદળિયુ જોવા મળ્યુ હતુ. આકાશમાં ગોરંભાયેલો વરસાદી વાદળોના લીધે દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળો લુપાછુપી રમતા નજરે પડયા હતા. સતત બીજા દિવસે પણ વરસાદી વાદળોના ઘેરાવા વચ્ચે ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર રહ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉંચકાયુ હતુ. જયારે બપોરના સમયે ઝરમર વરસાદના લીધે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો.

શહેરમાં સતત બીજા દિવસે આજે પણ વરસાદી વાતાવરણ યથાવત રહ્યુ હતુ. સવારથી જ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો રહ્યો હતો. દિવસ દરમિયાન તડકી છાયડી વચ્ચે બપોરના સમયે ઝરમર વરસાદ પણ વરસ્યો હતો. બીજીતરફ વાતાવરણમાં બફારાનુ પ્રમાણ આજે પણ વધુ રહેતા નગરજનો ગરમીથી અકળાયા હતા. જો કે બપોરે વરસાદ છાંટણા વરસાવી જતા થોડી ઠંડક પ્રસરી હતી પરંતુ મેઘરાજા મનમુકીને વરસ્યા ન હતા. જયારે ગરમીનુ પ્રમાણ પણ ગઈકાલની સાપેક્ષમાં વધુ રહ્યુ હતુ. ગરમીનો પારો ૩૮.૪ ડીગ્રી રહ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૭ ડીગ્રી નોંધાયુ હતુ. વરસાદી વાતાવરણ વચ્ચે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો બફારાના લીધે પરસેવે ભીંજાયા હતા. ગઈકાલે પણ વરસાદી ઝાપટાના લીધે વાતાવરણમાં હળવી ઠંડક પ્રસરી

● અનુસંધાન પાન-૭ પર

# જીવન પ્રત્યેનો પ્રસન્નતાનો અભિગમ જ જીવાડે

**ગાંધીજીના મતે સત્યમયતા એ જ પ્રસન્નતાનુ સાચુ સરનામુ : હાસ્યલેખકો ઓછામાં ઓછુ હસે છે...!! હાસ્ય જેવી હકારાત્મક ચીજ બીજી કોઇ નથી**




કોઇપણ પરિસ્થિતિમાં હકારાત્મક અભિગમ દાખવી હસી કાઢવુ પ્રસન્નતાની ચાવી : રતિલાલ બોરીસાગર

પ્રસન્નતા કોઇ તબીબ કે ધર્મગુરુ પાસેથી નહીં પામી શકાય ..પ્રસન્નતા અંતરમાંથી ઉઠશે તો જ સ્થાયી ભાવ ધારણ કરશે : વસંત ગઢવી

ગાંધીનગર તા ૧૬

જીવનમાં સંજોગો ગમે તે હોય હકારાત્મક અભિગમ સાથે હસી કાઢવુ..પરિસ્થિતિ નહીં.. પરંતુ મુકાબલો આપણા હાથમાં છે. પ્રસન્ન રહેવા અભિગમ બદલવો પડે જીવન પ્રત્યેનો અભિગમ જ જીવાડે છે. હાસ્ય અને પ્રસન્નતા પર્યાય નથી. પ્રસન્નતા એ મનનો સ્થાયી ભાવ છે. જે સદભાગી હોય તેને જ પ્રસન્નતાનો સ્થાયી ભાવ પ્રાપ્ત થાય..ટાઢિયા તાવની ટાઢ, ખંજવાળ અને પ્રસન્નતા અંદરથી જ આવે.. કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં પળે પળને પર્વ બનાવે પ્રસન્નતા વિષય પર જાણીતા હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર તેમજ સાહીત્યકાર વસંત ગઢવીએ હૃદયસ્પર્શી વકતવ્ય આપ્યુ હતુ.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળાના કાર્યક્રમ દરમિયાન આજે હાસ્યરસથી તરબોળ જાણીતા હાસ્યલેખક અને સાહીત્યકાર રતિલાલ બોરીસાગરે પ્રસન્ન રહેવાની અઘરી વાત સરળ રીતે રજુ કરવા તેમણે હાસ્યકવિઓના જ અદભુત દ્રષ્ટાંતો ટાંકયા હતા. હૃદયસ્પર્શી વકતવ્યમાં તેમણે જણાંવ્યુ હતુ કે જીવનનો અર્ક જ પ્રસન્નતા છે. ગાંધીજી એમ કહેતા હતા કે આપણે કેટલા વર્ષ જીવ્યા એ સાચુ આયુષ્ય નથી,આપણે કેટલો સમય સત્યમય રહ્યા એ જ આપણુ સાચુ આયુષ્ય છે. આપણે જેટલા સત્યમય હોઈએ એટલા જ આપણે છીએ. અલબત્ત સત્યમયતા એ જ પ્રસન્નતાનુ સાચુ સરનામુ છે. આત્માનો સ્વભાવ જ પ્રસન્નતા છે. હાસ્ય સાધન છે પ્રસન્નતા સાધ્ય છે. પ્રસન્નતા સુધી પહોંચવાનો ટુંકામાં ટુંકો માર્ગ હોય તો તે હાસ્ય છે. હાસ્ય પર ઘણુ બધુ લખાયુ છે. હાસ્યલેખક જયોતિન્દ્રભાઈ દવે એમ કહેતા કે હાસ્ય અંગે ૩૦૦ ગ્રંથો ઉપલબ્ધ છે. પણ કોઈ વાંચે તો જીવનભર હસવાનુ ભુલી જાય પ્રસન્નતા આંતરિક સ્થિતિ છે. એ મનનો ભાવ છે. કોઈપણ સ્થિતિમાં પ્રસન્ન રહેવુ એ જ સાચી સાધના છે. તેમણે જણાંવ્યુ હતુ કે હાસ્યલેખકોનો ટ્રેક રેકર્ડ ઉજળો નથી. હાસ્ય લેખકો ઓછુ હસે છે તેવુ તારણ નિકળ્યુ છે. હાસ્યના પિતામહ રમણલાલ નીલકંઠ બ્લડપ્રેશરના રોગી હતા. જયોતિન્દ્રભાઈ જીવનભર બીમારીમાં સપડાયેલા રહ્યા હતા. બકુલ ત્રિપાઠીને પણ હાર્ટ એટેક અને ડાયાબીટીસની બિમારી હતી. અશોક દવેએ પણ બાયપાસ સર્જરી કરાવી છે અને રતિલાલ બોરીસાગર મેં પણ એન્જિયોગ્રાફી કરાવી છે. પ્રસન્નતા હોય તો આ બધુ ન થાય અગર દ્રષ્ટી બદલીએ તો એમ પણ કહી શકાય કે આવી સ્થિતિમાં પણ હાસ્ય લેખકો પ્રસન્નતાથી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



ટ્રાફીક નિયમનની અસરકારકતા... - શહેરમાં ટ્રાફીક સિગ્નલની શરૂઆત બાદ ટ્રાફીક લેનને વધુ અસરકારક બનાવવા પ્રત્યેક સર્કલ પરના વળાંકે ડાબી તરફ વળવાવાળા વાહનો માટે અનુકૂળતા સાધવાના લક્ષ્ય સાથે લેન ચેન્જ પોલ મુકવાનો અભિગમ વાહનો ચાલકો માટે ઉપકારક છે... જોકે એસ.ટી. અને જાહેરવાહન સેવા જો સહયોગ આપે તો સોનામાં સુગંધ ભળે...

# મહાનગરપાલિકાની આજે સામાન્ય સભા

**પક્ષમાં મતભેદો ન હોવાનું દર્શાવવા મેયરે સભ્યો અને નેતાઓનો ભોજન સમારંભ કર્યો : વિપક્ષ હલ્લાબોલના મૂડમાં : સવારે રણનીતિ વિપક્ષ તૈયાર કરશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા આજે મનપાના સભાખંડમાં બપોરે ૧૨ વાગે મળશે.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભા તેમની પ્રથમ સભા છે. આ બેઠક તોફાની બેઠક બની રહેશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

મનપાની ચૂંટાયેલી પાંખમાં મતભેદો હોવાનું બહાર આવતાં જ મેયરે આજે એક રાત્રિ ભોજનનું પણ કાઉન્સીલરો અને આગેવાનો સાથે આયોજન કર્યુ છે. પક્ષમાં બધુ બરાબર ચાલી રહ્યાનો સંદેશ આપવાનો પ્રયાસ અને સંકેત આ બેઠકમાં આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં મનપાની આવી રહેલી પેટા-ચૂંટણી તેમજ સામાન્ય સભાને લઈ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. વિપક્ષ તરફથી સામાન્ય સભામાં હુમલા થાય તો સંરક્ષણાત્મક રહી અને એકતાનો સંદેશ આપવામાં આવે તેવી વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જો કે આંતરિક રસ્તાઓની સફાઈના મુદ્દે તેમજ ભરતી પ્રક્રિયાની વિસંગતતા અંગે રજુ થયેલી દરખાસ્તો અંગે પ્રદેશ નેતાઓને દરમ્યાનગીરી કરવા માટે જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે અને સવાર સુધીમાં આખરી નિર્ણય આવશે તેમ મનાઈ રહ્યુ છે.

બીજી તરફ વિપક્ષ કોંગ્રેસ પક્ષે પણ આજે સવારે ૧૦ વાગે બેઠકની રણનીતિ તૈયાર કરવા માટે બેઠક બોલાવી છે. ભરતી પ્રક્રિયાની વિસંગતતા અંગે વિપક્ષે મુદ્દો પહેલો ઉઠાવ્યો હતો તે બાબત તેમજ સેક્રેટરીના રાજીનામાને લઈ વિપક્ષ હલ્લાબોલના મુડમાં છે.

બન્ને પક્ષોની રણનીતિ સવારે જ સ્પષ્ટ થશે પરંતુ બેઠક તોફાની બની રહેશે તે સ્પષ્ટ થઈ ચુક્યુ છે. વિપક્ષ પ્લાસ્ટીકના નિયમોને જે મંજૂરી અપાઈ છે તેને લઈ પણ સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાના મૂડમાં હોવાનું જાણવા મળેલ છે.

# રાજ્યસભાની બંન્ને બેઠકો જીતીશું : રૂપાણી

ગાંધીનગર,તા.૧૬

રાજ્યસભાની ચૂંટણીને રાજ્યનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્વનું નિવેદન આપ્યું હતું. કૃષિ મહોત્સવ માં આવેલ રાજ્ય ના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, અમારી પાસે બહુમતિ છે, બંને બેઠકો અમે જ જીતીશું. રાજ્યસભાની પેટાચૂંટણી એકસાથે નથી હોતી બે ચૂંટણીના અલગ-અલગ નોટિફિકેશન છે અને બે મત પત્રકો અલગ હશે. અને અમારી પાસે બન્ને માં પૂરતી બહુમતી છે અને બન્ને અમે જીતી જશું આ બહુ નિર્વિવાદ છે.

કોંગ્રેસે ચૂંટણી પહેલા જ જાણે હથિયાર હેઠા મૂકી દીધા હોય તેમ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયાએ આજે ટ્વિટ કરીને ખળભળાટ મચાવી દીધો હતો. તેમની ટ્વિટથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, તેઓએ કોંગ્રેસની હાર સ્વીકારી લીધી છે.

# રાજ્યસભાની ચૂંટણીના જાહેરનામાને કોંગ્રેસ સુપ્રીમ કોર્ટમાં પડકારશે : ચાવડા

ગાંધીનગર,તા.૧૬

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને સ્મૃતિ ઈરાની લોકસભાની ચૂંટણી જીતી જતા ગુજરાતમાં આગામી ૫ જુલાઈએ રાજ્યસભાની બંને બેઠકો પર ચૂંટણી યોજાશે. આ ખાલી બેઠકો પર ધારાસભ્યોની સંખ્યાના બળને જોતા બંને પક્ષને એક એક બેઠક મળે તેમ હતી. જોકે, ચૂંટણી પંચના જાહેરનામા મુજબ બંને બેઠકો પર અલગ અલગ મતદાન થવાનું હોવાથી બંને બેઠકો ભાજપ જીતે તેવી વકી છે. આ સંદર્ભે કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચના જાહેરનામાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ વડોદરામાં એક પત્રકાર પરિષદ સંબોધીને જણાવ્યું હતું કે અમે ચૂંટણીપંચના દાવાને સુપ્રીમ કોર્ટમાં પડકારીશું. ચૂંટણી પંચે સત્તાના દબાણ હેઠળ આ નિર્ણય લીધો હતો.

ચાવડાએ કહ્યું, અમે ચૂંટણી પંચની પારદર્શીતા પર સવાલ ઉઠાવ્યા હતા, ભાજપે સત્તાનો દૂરઉપયોગ કરી ચૂંટણીનું મતદાન અલગ અલગ કરાવ્યું છે.

# જિલ્લા પંચાયતની ૨૯મીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૯મી જુનના રોજ મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરી)ના અધ્યક્ષપદે જિલ્લા પંચાયતના સભાખંડમાં આ સામાન્ય સભા મળશે. આ બેઠક આમ તો રૂટીન બેઠક ગણવામાં આવી રહી છે.

આ બેઠકમાં વિવિધ સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધને બહાલી આપવાની વહીવટીય કામગીરી રહેશે. જોકે આ બેઠકમાં જિલ્લામાં રોગચાળાની સ્થિતિ અંગે વિપક્ષ દ્વારા સત્તાધારી પક્ષને ભીંસમાં લેવામાં આવે તેવી શકયતાઓ છે. આ બેઠકમાં વિકાસના કામો અંગે પણ કેટલીક મહત્વની ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાનો એજન્ડા તૈયાર થઈ ચુક્યો છે અને તે સભ્યોને મોકલવાની કામગીરી પણ ચાલી રહી છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા પૂર્વે મંગળવારે કારોબારી સમિતિની બેઠક મળવાની છે. જે નોંધનીય છે. જિલ્લા પંચાયતના રાજકારણમાં હાલ કોઈ ગરમાવો દેખાતો નથી તેમજ આ બેઠકને લઈ હજુ વિપક્ષ પણ મગનુ નામ મરી પાડવા તૈયાર નથી. શાસક પક્ષ આ બેઠકને રૂટીન બેઠક લેખાવી રહેલ છે.

# આજે ગાંધીનગરમાં તબીબોની હડતાલ

ગાંધીનગર, તા.૧૬

ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના એલાનના પગલે ગાંધીનગરના તબીબો પણ ૧૭મી જુનને સોમવારે તબીબોના બંધના એલાનમાં જોડાશે. જોકે, તાત્કાલિક સેવા માટે તબીબો તત્પર રહેશે.

ગાંધીનગર શહેરની સરકાર અને ખાનગી તબીબી સેવાઓને અસર પડે એમ મનાય છે. શહેરની આરોગ્ય સેવા સોમવારે ખોરવાઈ જશે એવો ભય વ્યક્ત થઈ રહ્યો છે. ગાંધીનગર હોમીયોપેથીક એસોસીએશને પણ આઈએમએના ભારત વ્યાપી બંધના એલાનને ટેકો જાહેર કરી શહેરના હોમીયોપેથીક તબીબો પણ હડતાલમાં જોડાશે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com